: : આપવું તે જ મેળવવું : :

શું દરેક માણસનો સ્વભાવ વધારે ને વધારે મેળવવાનો હશે? શું એ વાત સારી કહેવાય? પણ જોવાનું એ રહે છે કે શું મેળવવાની વાત છે. કદાચ એ મારી ભારતીય ચેતના હશે કે જેથી વધારે પડતી ભૌતિક એષણા રાખનાર અને ધન-સંપત્તિ ભેગી કરનાર મને લોભી લાગે છે. સ્વાર્થી અને સ્વકેન્દ્રીય પણ. છતાં જો કોઈ જરૂર પૂરતું પણ  મેળવવાની ઈચ્છા ના રાખે, કે એ માટે પ્રયત્ન ના કરે તો એ આળસુ એને ઉદાસીન લાગે છે.

આ જ વ્યક્તિઓની વિચારસરણીમાં જો હકારાત્મક સભાનતા હોય તો? તો એ બંને રીતિ સારી કહી શકાય. જેની પાસે અખૂટ સંચય છે તે જો મોટો ભાગ અન્યોના ભલા માટે, સખાવત કરવામાં વાપરતો હોય તો તે દાની બને છે, અને ઓછો સંચય ઈચ્છનારને સંતોષી ગણી શકાય છે.

જેના મનમાં સહજ આનંદ છે તે સાચો સુખી છે, એમ હું પહેલેથી માનતી આવી છું. આવો આનંદ આવે ક્યાંથી? એ સમજણમાંથી આવે. ને સમજણ? તો એને કેળવવી પડે. મારે માટે વિકાસ કેવળ ભૌતિક નથી. આગળ વધવાની એક પ્રક્રિયા હોય છે, અને એમાં મન તથા બુદ્ધિ, ભૌતિક તથા આધ્યાત્મિક, સક્રીય સેવા તથા નિરીહપણું વગેરે ઘણું સ્થાન પામે તે જોતાં રહેવું પડે. કેવા સતત પ્રયત્ન માગતી રહે છે આ પ્રક્રિયા. સામે માઈલોના માઈલો દેખાતા હોય તો ક્યારથી થાક લાગવા માંડે? કદાચ વિચાર માત્રથી. પણ રોજ થોડો થોડો રસ્તો કાપતાં રહીએ તો? તો ઘણે દૂર જવું શક્ય છે.

અસંખ્ય લોકો ભક્તિભાવે ઊંચા પર્વતો પરનાં મંદિરોની જાત્રા કરવા પ્રેરાય છે. કેટલાયે સાહસીઓ તો આકાશ સુધી પહોંચતાં લાગે તેવાં શિખરોને સર કરવા નીકળી પડતા હોય છે. કેટલું કઠિન હોય છે ઊંડી ખીણોથી વીંટળાયેલી, ને પથ્થરોથી ખડકાયેલી કેડીઓ પર ચઢવું. પગ થાકી જાય ને શ્વાસ હાંફી જાય, પણ યાત્રાળુઓ અને સાહસિકો આગળ વધતા રહે છે– ઉર્ધ્વ ધ્યેય પ્રતિ. કંઈક આવાં જ ગતિ, મતિ અને પ્રયત્ન આવશ્યક છે જીવનના દરેક દિવસમાં. આપણી પાસે એક બહુ જ સરસ શબ્દ છે – વૈષ્ણવજન. આપણે એનો જ અર્થ પામવા મથતાં રહીએ તો?

બાહ્ય સ્થાન-સાધનોની જગ્યા જો મનન-ચિંતન, અને સારાપણાનું નિરીક્ષણ લે તો વ્યક્તિ પોતે જ પોતાનું માપ લેતાં શીખી જાય. હું નાનપણથી સારું સારું વાંચતી આવેલી-ગાંધીજી, વિવેકાનંદ, ગીતા, ઉત્તમ સાહિત્ય, ને તે છતાં મને લાગે છે કે સારા વર્તન વિષેનું શિક્ષણ મને પરદેશમાંથી મળ્યું. કોઈને પણ માટે સહજ સ્મિત હોવું, સામા આવતા માણસને કેમ છો કહીને કે માથું હલાવીને બોલાવવું, સાધારણ કહી શકાય તેવું કામ કરનારાં સાથે પણ વિવેકપૂર્વક વર્તવું -જેવી સાવ સામાન્ય બાબતો હું શીખી પરદેશમાં આવીને.

ભારતમાં આવો વર્તાવ જલદી જોવા નથી મળતો. અજાણ્યાં સામે કોઈ હસે છે? સામે આવનારને આવકારે છે? ઘરમાં કામ કરનારાંને સારી રીતે બોલાવે છે? આનાં કારણમાં હું ભીડ, ધમાલ, ઘોંઘાટ, ધૂળ, તાપ, તડકો પણ જોઉં છું. બાહ્ય અગવડો એવી ને એટલી હોય કે મન હંમેશાં શાંત કે સાનંદ ના પણ હોઈ શકે. તેથી જ તો આ પર્વત ચઢવા જેવી વાત છે. જો જીવનને યાત્રા માની શકાય, અને ધ્યેય તે સારી વ્યક્તિ થવાનું હોય, તો તકલીફ લેતાં લેતાં પણ, ધીરજ રાખી ના શકાય?

સારું વાંચનારાં અને સારું સાંભળવા જનારાંની સંખ્યા આપણે ત્યાં ઘણી મોટી છે, પણ આચરણમાં ઉતારનારાં ઓછાં જોવા મળે છે. દા.ત. સુમતિ અને કુમતિ જેવા વિષય પર કથા સાંભળવા જઈ આવેલા લોકોમાંથી કેટલા પોતાનાં મનમાંથી નકારાત્મક ભાવ કાઢવા સમય, ને માનસિક શ્રમ ફાળવશે? ટેલિવિઝન પર રામાયણની સિરિયલ જોવા દેશ આખો બેસી જતો દેખાયો છે, પણ કોઈ જો રામની જેમ વચન પાળવાનો આગ્રહ રાખે તો એ પ્રશંસા પામશે કે હાંસી? આ જમાનામાં તે કાંઇ રામ જેવા થવાતું હશે?-આવો મનોભાવ વધારે જણમાં જોવા મળવાનો.

આ જમાનો ખરેખર તો યંત્રપ્રેરિત અને યંત્ર-પ્રેમી બની ગયો છે. બધું ગ્લોબલ ગણાવા માંડ્યું છે. ગ્લોબલ એટલે હાથવગું ખરું, પણ નિકટનું કે નજીકનું નહીં. પ્રગતિની વ્યાખ્યા કદાચ બદલાઈ ગઈ છે. દેશને આગળ પડતો ગણાવવા માટે સરકાર એટલી ઉદ્યત થયેલી છે કે બહુસંખ્ય પ્રજાની અનેકવિધ જરૂરિયાતોનો ખ્યાલ કરવાનું એ ચૂકી જાય છે. યંત્ર તથા કમ્પ્યુટર વિષયક ક્ષેત્રોમાં ઈન્ડિયા ઘણું આગળ ગણાય છે, પણ બીજી ઘણી બાબતોમાં- ગરીબી, નિરક્ષરતા, પછાતપણું, ભીડ, ઘોંઘાટ, દૂષિત પર્યાવરણ ઈત્યાદિ- દુનિયાની દૃષ્ટિમાં એ ઊણું પડતું સ્પષ્ટ દેખાય છે.

સાવ આરંભમાં મેં જે કહ્યું તે વિષે બે દાખલા આપવાનું મન થાય છે. એક તો એ કે ન્યૂયૉર્ક રાજ્યમાં જે વ્યક્તિ સૌથી વધારે શ્રીમંત ગણાય છે તે માઇકલ બ્લૂમબર્ગ છેલ્લાં આઠ વર્ષથી ન્યૂયૉર્ક શહેરના મેયર પણ છે- બહુમતિથી ચૂંટાઇ આવેલા મેયર. એ બિલિયોનેર છે, તે એમને જોઈને કે એમના વર્તનથી ખબર પણ ના પડે. એ પોતે ઑફિસે જવા શહેરની ભૂગર્ભરેલ લેતા હોય છે, અને કેટલાયે ફોટામાં સાદાં શર્ટ-પૅન્ટમાં જ હોય છે. ખાસ કહેવાનું એ છે કે તાજેતરમાં અમેરિકાના ચાલીસેક આવા અત્યંત ધનિક જણે નક્કી કર્યું છે-નૈતિક જવાબદારીપૂર્વક- કે પોતાની સંપત્તિનો અડધો કે વધારે હિસ્સો સત્કાર્ય માટે આપવો. બ્લૂમબર્ગ આમાંના એક છે, અને અબજો ડૉલર દાનમાં આપી દેવાના છે.

તો બીજા દાખલામાં મારા એક મિત્રનો ઉલ્લેખ કરવો છે. અમેરિકામાં રહીને પણ એ ખૂબ સાદાઈથી જીવે છે. એમની પાસે ખાસ આવક કે પૂંજી નથી, એમના નાનકડા ફ્લૅટમાં ટૅલિફોન સિવાય કોઈ યંત્ર નથી, અને વધારે કાંઇ એમને જોઇતું નથી. પણ એ આળસુ નથી, બલ્કે ખૂબ સારા ચિત્રકાર છે, અને ઘણાં પ્રદર્શનમાં ભાગ લે છે. એ કહેતા હોય છે કે તમે જે આપો તે તમે (અકળ રીતે) મેળવો છો, ને જે (દુન્યવી રીતે) મેળવો છો તે ગુમાવો છો. અર્થ એ કે મેળવવાનો ને લેવાનો લોભ ના રાખવો.

એક દાનવીર અને એક સંતોષવીર. કેવાં ઉજ્જ્વળ ઉદાહરણ. આ બે વિચારસરણીની વચમાં કેટલી બધી જગ્યા છે. આ બે છેડાની વચમાં દરેક જણ પોતાને ફાવે તે પ્રમાણેની ગોઠવણ ના કરી શકે? સભાનપણે સારું કરવા પ્રયત્નશીલ ના થઈ શકે? એક ગીતમાં રવીન્દ્રનાથે કહ્યું છે કે મારું હૃદય આપવા પણ માગે છે, કેવળ લેવા નહીં. અલબત્ત, એમણે ભૌતિક કે લૌકિક વસ્તુઓ તરફ નિર્દેશ નથી કર્યો. એમને સ્નેહ, ભક્તિ, સંવેદન વગેરે અભિપ્રેત છે. આગળ એ ઈશ્વરને સંબોધીને કહે છે, મને તમારો હાથ આપો, એ હું પકડી રાખીશ, અને જીવનનું એકાકીપણું એથી રમણીય બનતું રહેશે.

(૯૧૫) શબ્દો ------પ્રીતિ સેનગુપ્તા